# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 19-02-2026** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

---

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# CABINET TEKA NA BHAV

રાજ્યમાં 23 ફેબ્રુઆરીથી તુવેરની ટેકાના ભાવે ખરીદી શરૂ થશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં આજે ગાંધીનગર ખાતે મળેલી રાજ્ય મંત્રીમંડળની બેઠક બાદ કૃષિ મંત્રી જીતુ વાઘાણીએ માહિતી આપતા જણાવ્યું, તુવેરના ટેકાના ભાવે વેચાણ માટે એક લાખ 33 હજારથી વધુ ખેડૂતોએ નોંધણી કરાવી છે.

**(BYTE- JITU VAGHANI, KRUSHI MANTRI)**

. . . . . . . . . . . . .

# CM INSTRUCTIONS

વિધાનસભામાં રજૂ થયેલા અંદાજપત્રની જોગવાઈઓનું કામ દિવાળી પહેલા જ શરૂ કરી દેવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અધિકારીઓને સૂચના આપી છે. આજની રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં મુખ્યમંત્રીએ સત્ર પૂર્ણ થયા બાદ વહીવટી પ્રક્રિયા શરૂ કરી દેવા પણ મુખ્ય સચિવને સૂચના આપી હતી.

. . . . . . . . . . . . .

# BHARUCH BOARD EXAM

રાજ્યમાં યોજાનાર ધોરણ 10 અને 12 બોર્ડની પરીક્ષા માટે શિક્ષણ વિભાગ સજજ બન્યું છે. ત્યારે ભરૂચ જિલ્લામાં તંત્ર દ્વારા તમામ તૈયારીઓને આખરી ઓપ અપાયો છે. જિલ્લા શિક્ષણાધિકારી સ્વાતિબા રાઓલે માહિતી આપતા જણાવ્યું હતું કે જિલ્લામાં ધોરણ 10 બોર્ડની પરીક્ષામાં 32 કેન્દ્રો પર 23 હજાર 640 વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે.

(BYTE- Swatiba Raol, District Education Officer)

. . . . . . . . . . . . . .

# CHHOTA UDEPUR SIR

છોટાઉદેપુર જિલ્લામાં જિલ્લા ચૂંટણી અધિકારીના હસ્તે ૭ લાખ ૯૨ હજાર ૧૮૬ મતદારોની આખરી યાદી રાજકીય પક્ષોના પ્રતિનિધિઓને એનાયત કરાઈ છે. વધુ માહિતી આપતા ચૂંટણી અધિકારી ધીરેન શુક્લએ જણાવ્યું, જિલ્લામાં SIRની કામગીરીમાં કુલ એક હજાર 94 BLO, 115 સુપરવાઈઝર સહિતના કર્મચારી જોડાયા હતા.

(BYTE- DHIREN SHUKLA, ELE.ADHIKARI)

દરમિયાન તાપી જિલ્લાની વ્યારા અને નિઝર વિધાનસભામાં કુલ ૪ લાખ ૭૯ હજાર ૬૬૫ મતદારોની આખરી યાદી જાહેર કરવામાં આવી છે.

. . . . . . . . . . . . . .

# KUTCH ACCIDENT

કચ્છ જિલ્લાના રાપર એસટી ડેપો નજીક જર્જરીત ઈમારતનો ભાગ પડતા દોડધામ મચી હતી. જાહેર માર્ગ પરની દિવાલ પડતા વાહનો કાટમાળ નીચે દબાયા હતા. જોકે ઘટનામાં કોઈ જાનહાનિ થઈ ન હતી.

. . . . . . . . . . . . . .

# JUNAGADH- SASHAKT KISHORI MELO

જૂનાગઢ જિલ્લાના વિસાવદર ખાતે સશક્ત કિશોરી, સુપોષિત કિશોરી મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં કિશોરીઓમાં હિમોગ્લોબિનનું પ્રમાણ સહિત આરોગ્ય તપાસ સાથે પોષણ અને કૌશલ્ય વર્ધન, કાયદાકીય માહિતી અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સ્થાનિક અધિકારી અને તબીબોએ પોતાના મંતવ્યમાં કિશોરીઓ સશક્ત બને શિક્ષિત બને અને તંદુરસ્ત બને તે બાબત ઉપર સંવાદ કર્યો હતો.

. . . . . . . . . . . . . .

# MEHSANA-BUDGET

રાજ્ય  સરકાર દ્વારા વર્ષ 2026-27 નું વાર્ષિક બજેટ વિધાનસભામાં રજૂ કરાયું જેમાં મહેસાણા જિલ્લામાં યાત્રાધામ બહુચરાજી માટે 40 કરોડ

રૂપિયા, મહેસાણા જનરલ હોસ્પિટલના પુનઃ નિર્માણ માટે 40 કરોડથી વધુ, મહાનગરપાલિકા માટે 35 કરોડથી વધુ રૂપિયાની જોગવાઈ કરાઈ છે. જ્યારે વિસનગરમાં વિકાસ કામો માટે 55 કરોડથી વધુ અને જિલ્લાના વિકાસ માટે 475 કરોડ રૂપિયાથી વધુની જોગવાઈ કરવામાં આવી છે.

. . . . . . . . . . . . .

# DAK ADALAT

ટપાલ સેવાને લગતા પ્રશ્નોના નિરાકરણ માટે અમદાવાદ શાહીબાગ ખાતે આવેલા પોસ્ટ માસ્ટર જનરલ, અમદાવાદ મુખ્યાલય ક્ષેત્ર, સ્પીડપોસ્ટ ભવનમાં તારીખ 10 માર્ચના રોજ સવારે 11 કલાકે ડાક અદાલતનું આયોજન કરાયું છે. જેમાં નીતિ વિષયક મુદ્દા સિવાયની ટપાલ સેવાને લગતા અન્ય મુદ્દાઓ સંબંધિત ફરિયાદો સાંભળી નિકાલ કરાશે. ત્યારે અમદાવાદ મુખ્યાલય ક્ષેત્રને લગતી ટપાલ સેવા સંબંધી ડાક અદાલતમાં રજૂ કરવાની ફરિયાદો શ્રી આર એન ગાંધી, સહાયક નિદેશક ડાક સેવા(1), ફરિયાદ વિભાગ, પોસ્ટ માસ્ટર જનરલ અમદાવાદ મુખ્યાલય ક્ષેત્ર, સ્પીડ પોસ્ટ ભવન, શાહીબાગ, અમદાવાદને તારીખ 3 માર્ચ સુધીમાં મળી જાય તે રીતે મોકલવાની રહેશે.

. . . . . . . . . . . . .